આકાશવાણી ભુજ

સમાચાર વાચક : શીતલ વૈશ્નવ

ડીઇઓ : પ્રદિપ ચાવડા

તારીખ : **06-12-2024** સમય : સવારે **6.50** વાગ્યે

---

## CM- રવી કૃષિ મહોત્સવ-2024

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજથી રવી કૃષિ મહોત્સવ-૨૦૨૪નો દાંતીવાડાથી રાજ્યવ્યાપી પ્રારંભ કરાશે.

કૃષિ મંત્રી રાઘવજી પટેલની ઉપસ્થિતિમાં યોજાનાર આ બે દિવસીય રવી કૃષિ મહોત્સવમાં 12 સરદાર પટેલ કૃષિ સંશોધન પુરસ્કાર અને શ્રેષ્ઠ પશુપાલક એવોર્ડ અર્પણ સહિત વિવિધ લાભોનું વિતરણ કરાશે.

આ મહોત્સવ રાજ્યના 246 તાલુકાઓમાં યોજાશે જેમાં અંદાજે 2 લાખ 50 હજારથી વધુ ખેડૂતો સહભાગી થશે. ખેડૂતોને રવિ પાકો વિશે વૈજ્ઞાનિક માર્ગદર્શન અને ખેડૂતલક્ષી વિવિધ સહાય યોજનાઓ અંગેની સમજ મળી રહે તે હેતુથી રવિ કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે.

RNU અમદાવાદ

---

## વિક્સિત ભારત ક્વિઝ સ્પર્ધા

કેન્દ્રીય યુવા બાબતોના મંત્રાલય દ્વારા વિકસિત ભારત યંગ લીડર ડાયલોગ 2025 અંતર્ગત યોજાઈ રહેલી વિકસિત ભારત ક્વિઝની સમયમર્યાદા 5 દિવસ એટલે કે, 10મી ડિસેમ્બર સુધી લંબાવવામાં આવી છે.

કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ સોશ્યલ મિડીયા પર આ જાહેરાત કરી છે. વિકસિત ભારત ક્વિઝ ચેલેન્જ સ્પર્ધા 15 થી 29 વર્ષની વયના યુવાનો માટે ખુલ્લો છે.

આકાશવાણી સાથે વાત કરતાં નેશનલ સર્વિસ સ્કિમ NSSના પ્રાદેશિક નિયામક કમલ કુમાર કરે જણાવ્યું હતું કે, ગુજરાતમાંથી અત્યારસુધીમાં 28 હજારથી વધુ યુવાઓએ આ ક્વિઝ પૂર્ણ કરી છે. તેમણે યુવાનોને મોટી સંખ્યામાં આ ક્વિઝમાં સહભાગી થવા અનુરોધ કર્યો હતો.

RNU અમદાવાદ

---

## યુનિવર્સિટીઓના કુલપતિઓની બેઠક

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલીકરણની સમીક્ષા અર્થે યુનિવર્સિટીઓના કુલપતિઓની એક દિવસીય પરિષદ ગાંધીનગરમાં યોજાઈ ગઈ. ટેકનિકલ ઉચ્ચ શિક્ષણમંત્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં યોજાયેલ આ પરિષદમાં રાજ્ય શિક્ષણમંત્રી પ્રફુલ્લ પાનસેરિયા સહિત વિવિધ સરકારી તેમજ ખાનગી યુનિવર્સિટીઓના કુલપતિઓએ ભાગ લીધો હતો.

આ પ્રસંગે વિદ્યાર્થીઓને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) અને ગ્રીન સ્કિલ્સથી સજ્જ કરવા એડયુનેટ ફાઉન્ડેશન સાથે સમજૂતી કરાર કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે બંને મંત્રીઓના હસ્તે રાજ્યની ટોપ ૧૬ યુનિવર્સિટીઓના વાઈસ ચાન્સેલરોને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા હતા.

**RNU અમદાવાદ**

---

## સોઇલ હેલ્થ કાર્ડ યોજના

રાજય સરકારે ખેડૂતોના હિતમાં શરૂ કરેલી સોઇલ હેલ્થ કાર્ડ યોજના હેઠળ ગુજરાતમાં કુલ 2 કરોડ 15 લાખ જેટલા સોઇલ હેલ્થ કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું છે.

કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું છે કે, ગુજરાતના ખેડૂતો પોતાની જમીનને ઓળખીને યોગ્ય માવજત દ્વારા યોગ્ય સમયે યોગ્ય પાકનું આયોજન કરી શકે તે માટે સોઇલ હેલ્થ કાર્ડ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે.

**RNU અમદાવાદ**

---

## ભુજનો સ્થાપના દિન

કચ્છના પાટનગર ઐતિહાસિક મહત્ત્વ ધરાવતાં ભુજ શહેરના 477 મા સ્થાપના દિનની આજે ઉજવણી થઈ રહી છે. ભુજની સ્થાપના સૂચવતી ખીલી ખોડવામાં આવી છે એ દરબાર ગઢ ખાતે ખીલી પૂજન સાથે ઉજવણીનો આરંભ થશે. ભુજીયા ડુંગરની પ્રતિકૃતિ દર્શાવતી કેક કપાશે. શહેરનાના પાંચનાકા, છઠ્ઠીબારી અને રિલોકેશન સાઈટને આસોપાલવનાં તોરણ બંધાશે અને બાળકોને ભુજ દર્શન કરાવાશે.

ચંદ્રવદન પટ્ટણી

---

## બાબા સાહેબ આંબેડકરની પુણ્યતિથિ

ભારતીય બંધારણના ઘડવૈયા અને દલિતોના ઉદ્ધારક ભારત રત્ન બાબા સાહેબ આંબેડકરની આજે 68 મી પુણ્યતિથી નિમિત્તે તેમને

ભાવાંજલિ આપવામાં આવી રહી છે. ભુજમાં તેમની પ્રતિમાને પુષ્પાંજલિ અપાશે. માંડવી, ગાંધીધામ અને અન્ય સ્થળોએ તેમને શ્રધ્ધાંજલીના કાર્યક્રમો યોજાશે.

ચંદ્રવદન પટ્ટણી

---------------------------------------------------------------------------

## હોમગાર્ડ અને નાગરિક સંરક્ષણ દિનની ઉજવણી

આજે હોમગાર્ડ અને નાગરિક સંરક્ષણ દિનની ઉજવણી કરવામાં આવી રહી છે. આ બન્ને દળોની સ્થાપના 1948 માં કરવામાં આવી હતી. સરહદી કચ્છ જિલ્લામાં આપત્તીના સમયે નાગરિક સંરક્ષણ દળએ કામગીરી કરી હતી. ભુજમાં ગઈકાલથી વિવિધ કાર્યક્રમો સાથે હોમગર્ડ દિન ઉજવાઇ રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે, હાલે કચ્છમાં ભુજ, નલિયા, ગાંધીધામ ખાતે નાગરિક સંરક્ષણની કચેરી તેમજ કચ્છમાં 19 થી વધારે હોમગાર્ડ યુનિટ ખાતે તાલિમ અપાય છે. સમગ્ર રાજ્યમાં 12થી વધારે સ્થળોએ આ કચેરીઓ કાર્યરત છે. કચ્છમાં 1971 ના યુદ્ધની કામગીરીમાં હોમગાર્ડ અને નાગરિક સંરક્ષણના વોર્ડનની સેવાઓની નોંધ લેવાઇ હતી.

ચંદ્રવદન પટ્ટણી

---------------------------------------------------------------------------

## હવામાન

રાજ્યભરમાં છેલ્લા કેટલાક સમયથી સર્વાધિક શીત રહેતા નલિયામાં લઘુતમ તાપમાનનો પારો સાડા ત્રણ આંક નીચે ઉતરીને 11.5 ડિગ્રીએ પહોંચતાં શિયાળાનો અસલી મિજાજ જોવા મળ્યો હતો.

કચ્છમાં બીજા અને રાજ્યમાં ત્રીજા ક્રમે ઠંડા રહેલા કંડલા એરપોર્ટ મથકે નીચું તાપમાન એક ડિગ્રી ઘટીને 16.1 ડિગ્રી થતાં ગાંધીધામ અને અંજાર સહિતના વિસ્તારોમાં ઠંડીની ધાર તેજ બનતી જણાઇ હતી. જિલ્લા મથક ભુજમાં લઘુતમ તાપમાન 17.2 તો કંડલા બંદરે 19.4 ડિગ્રી નોંધાયું હતું.

**N.P./** શીતલ વૈશ્નવ

---